**ક્રિ.કેસ ક્રમાક :8205/2017**

**<u>આંક–૧ લગત હુકમ:–</u>**

**૧..** હાલના કામે રેકર્ડ તથા ફરિયાદપક્ષની રજુઆત ધ્યાને લીધી. હાલની ફરીયાદ પોલીસકર્મી દ્વારા આપવામાં આવેલ છે. તેમજ હાલના કામે સમ્રગ રેકર્ડ ધ્યાને લેતા ફરિયાદપક્ષ ઘણા લાંબા સમયથી આરોપીને અત્રેની અદાલત સમક્ષ હાજર રખાવી શકેલ નથી.

**૨..** વધુમાં કેસનું સમ્રગ રેકર્ડ જોતા પંચો તથા રેડીંગ પાર્ટીના પોલીસકર્મી સીવાય કોઈ સ્વતંત્ર સાહેદને સાક્ષી તરીકે દર્શાવેલ નથી તે હકીકત શંકા ઉત્પન કરે છે.

**૩..**વધુમાં હાલના કામે આરોપી વિરૂધ્ધ દેશી દારૂના ગુનાનો આક્ષેપ છે તે સંજોગોમાં એફ એસ એલ કચેરીના પ્રુથ્થકરણ અહેવાલ વિના આરોપી વિરૂધ્ધ તહોમતનામું ફરમાવી શકાય નહી. વધુમાં હાલના કામે આખરી અહેવાલ સાથે કે ત્યારબાદ આજદિન સુધી કોઈ એફ એસ એલ કચેરીના પ્રુથ્થકરણ અહેવાલ રજુ રાખવામાં આવેલ નથી. આમ, આરોપી વિરૂધ્ધ ગુજરાત નશાબંધી અધિનીયમની કલમ ૬૫એએ મુજબની કોઈ પ્રથમદર્શનીય હકીકત જણાઈ આવતી નથી.

આમ, કેસના સંજોગો ધ્યાને લેતા ગુજરાત નશાબંધી અધિનીયમની કલમ ૬૫એએ મુજબનું તહોમત ફરમાવી શકાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર જણાઈ આવતી ના હોય તે ગુનાના ચાર્જ સબબ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે. **–:હુકમ:–**

હાલના આરોપીને ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૨૩૯ હેઠળ બીનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

તારીખઃ–12/11/2022<br>
સ્થળઃ– અમદાવાદ.

(હાર્દિક ભરતભાઈ ત્રિવેદી)<br>
દશમાં અધિક જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,<br>
અમદાવાદ(ગ્રામ્ય), મિરઝાપુર, અમદાવાદ<br>
જજ કોડ જી.જે. ૧૫૩૬